# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ફૂલ તો એની
ફોરમ ઢાળી રાજી.
વાયરો ક્યાં જઇ ગંધ વખાણે,
ફૂલ તો એનું કાંઇ ન જાણે,
ભમરા પૂછે ભેદ તો લળી
મૂંગું મરતું લાજી.

ફૂલ તો એની ફોરમ ઢાળી રાજી.
એનું નિજના રંગમાં રાતું,
ખુશ્બૂભર્યું એકલું ખાતું,
મસળી નાખે કોઇ તો સામે,
મહેક દે તાજી તાજી.
ફૂલ તો એની ફોરમ ઢાળી રાજી.

મકરંદ દવે.

## પાથેય

- રમેશ ઠક્કર

કુદરતમાં જેવું છે એવું જ બધું દેખાય છે.મેકઅપ એ માણસની શોધ છે. આપણું બધું પોલીશ કરેલું હોય. માણસ એવું વિચિત્ર પ્રાણી છે કે,જે ખુલ્લું રાખવાનું છે.મ,એને હંમેશા ઢાંકીને રાખે છે.એ કારણ વગર એક પડદો ઉભો કરે છે .જે હકીકત છુપાવવાની હોય છે એને અનાવૃત કરવામાં એને આનંદ આવતો હોય છે.પોતે નાનું સરખું જો કોઈ ઉપકારનું કામ કરે કે બીજાને મદદરૂપ થવાનું કામ કરે તો એનો ઢંઢેરો પીટવામાં એ બાકી નથી રાખતો.કોઈકની સિદ્ધિ માટે એ મૌન રહે છે.પોતાની કોઈ નાનકડી ઉપલબ્ધિ માટે એ ગાઇ વગાડીને કહેવામાં કોઈ સંકોચ રાખતો નથી.

કુદરતમાં આવું હોતું નથી.ફુલ આખોદિવસ એના રંગ અને રૂપ થકી જગતને આકર્ષિત કરતું રહે છે.એની સુગંધ ચોતરફ પ્રસરતી રહે છે.પોતાની ફોરમ? વહેંચવા માટે કોઈ પસંદગી હોતી નથી.એ બધાને આપવી એવું ધોરણ રાખે છે. એ રીતે જ એ રાજીપો વ્યક્ત કરતું હોય છે.એ ખરું કે પવન એની આ સુગંધને વહેતી રાખવામાં મદદ કરે છે.અને એને દૂર દૂર સુધી પ્રસરાવે છે.પરંતુ વાયરો પણ એટલો જ ખાનદાન છે.પોતે સુગંધ ફેલાવવામાં જે સહભાગી થાય છે એ માટેનો કોઈ દાવો કરતો નથી.ભમરો એને કંઈ પૂછે તો એ એને માહિતી આપતો નથી.ફુલ મૌન બનીને આ લીલા નિહાળતું રહે છે પ્રકૃતિના વિવિધ રૂપો પોતાની રીતે નિર્દંભ રીતે વ્યક્ત થતાં રહે છે.

આપણે ત્યાં ગુપ્તદાનનો મહિમા છે. પોતે જો કોઈ સારું કામ કરીએ તો એનો? ઢંઢેરો પીટવાનું કે જાહેરાત કરવાનું યોગ્ય નથી,એમ માનીએ છીએ.આમ છતાં ઘણા લોકો કામ ઓછું અને પ્રચાર વધારે એમાં માનતા હોય છે.કહેવત છે કે ખાલી ચણો વાગે ઘણો ! જે માણસ ઠરેલ છે, સંસ્કારી છે હ,એને આવા કોઈ પ્રચારની જરૂર પડતી નથી.આપણે એ ભૂલી જઈએ છીએ કે માણસને પોતાને પોતાના વિશે બોલવાની જરૂર નથી.એનું કામ જ બોલતું હોય છે.વ્યક્તિત્વ એક ઓળખ બને ત્યારે એની સાચી આભા પ્રગટતી હોય છે. નિર્દોષપણે આપોઆપ ખીલતું પુષ્પ કોઈ જાહેરાત કરતું નથી છતાં,એના મહેકવાની ખબર જગતને પડી જતી હોય છે !

કોઈ ઘટાદાર વૃક્ષને માણસ કુહાડી મારે કે પથ્થર મારે તો પણ એ પોતાનો મૂળ સ્વભાવ એટલે કે પરોપકાર કરવાની વૃત્તિને કે ત્યજી શકતું નથી.એક નાનકડું કુસુમ પોતાની રીતે ખુશ્બુ ફેલાવી એકલું એકલું નિજના આનંદમાં મગ્ન બની જાય છે.રામઅમલમાં રાતામાતાની જેમ એ મદમાતું બની જાય છે.એની ખુશ્બુ એ જ એની ખુમારી બની જાય છે.કોઈ? એને કઠોર પણે કચડી નાખે કે ક્રૂર બનીને તોડી નાખે તો પણ એ એની જે મહેક છે એ ફેલાવતું જ રહે છે. ફુલ માટે તો ફોરમ ઢાળવી એ જેના રાજીપાનો સૌથી મોટો ઉપહાર બની રહે છે.એટલે તો આપણે કહીએ છીએ કે ફૂલ જેવું વ્યક્તિત્વ કેળવવું એ જ માણસ તરીકેની ઉચ્ચ અભિવ્યક્તિ છે...

# ત્રિયા ચરિત્રં પુરુષસ્ય ભાગ્યં દૈવો ન જાનાતિ, કુતો મનુષ્ય:॥

હું સ્ત્રી વિરોધી નથી પણ માનવ સ્વભાવની વિચિત્રતા જોઈ હેરાન જરૂર છું. મારી આજની વાતનો મુદ્દો એ છે કે જેમ બધા પુરુષો ખરાબ નથી હોતા તેમ જ બધી સ્ત્રીઓ સારી પણ નથી હોતી. ખ્યાલ નથી આવતો કે કેવી રીતે પણ આપણાં મનમાં ઠસાવવામાં આવ્યું છે કે સ્ત્રી એટલે મમતા અને કરુણાની મિશાલ, દયાની દેવી, સાક્ષાત લક્ષ્મી અને સરસ્વતીનું રૂપ. ઠીક છે સ્ત્રીના વખાણ કરવા અપરાધ નથી પણ આ સંપૂર્ણ સત્ય નથી.

થોડુંક પાણી અને ક્ષાર ભેગા કરી ભગવાને એક અદ્ભુત વસ્તું બનાવી છે અને હવે એ અદભૂત વસ્તુનો ઉપયોગ કરી અમુક સ્ત્રીઓ ભલભલાને બનાવી જાય છે. આ અદભૂત વસ્તું એટલે આંખમાંથી ટપકતા ખારા આંસુ! જ્યારે પણ સ્ત્રી રડે ત્યારે પુરુષે એને દિલાસો આપવો પડે, એ કેમ રડે છે એ જાણવું પડે અને એની મદદ કરવી પડે. જે પુરુષ આટલું ના કરી શકે એને પથ્થર દિલ અને લાગણી વગરનો કહેવાય.

અમુક સ્ત્રીઓ પાસે કેટલાય પ્રકારના આંસુ પાડવાની ટેલેન્ટ હોય છે. ખુશીના આંસુ, દુ:ખના આંસુ અને મગરના આંસુ તો ક્યારનાય આઉટ ડેટેડ થઈ ગયા. હવે તો સ્ત્રીઓએ આમાં જબ્બર પ્રગતિ કરી છે. સ્ત્રીને એની ઈચ્છા પૂરી કરાવવી હોય ત્યારે રડતાં આવડે, ભાઈઓ વચ્ચે વિખવાદ ઊભો કરવો હોય ત્યારે આંસુ સારતા આવડે, ઘરનું કામ કરતા જોર આવે ત્યારે હીબકા ભરી રડતાં આવડે, સાસુ સસરા થોડાં દિવસ રોકાવા આવી ચઢે તો તરત એમના વરસો જૂના અત્યાચાર યાદ કરી રડતાં આવડે, એના પિયરીયા ઘરે આવી અઠવાડિયું રોકાઈ રાજી ખુશીથી વિદાય લે ત્યારે પણ મારા પિયરીયા તમને આંખમાં કણાની જેમ ખુંચે છે કહી રડતાં આવડે, તબિયત ખરાબ હોય ત્યારના આંસુ અલગ અને હોટેલમાં જમવા જવું હોય કે થિયેટરમાં ફિલ્મ જોવા જવું હોય એના આંસુ અલગ હોય.

પોતાની જીદ પૂરી કરાવવા ઈચ્છે ત્યારે આંસુ રેલાવી શકતી સ્ત્રીને આ પુરુષવર્ગ ક્યારેય પહોંચી નથી શકતો. એ બાપડો પહેલી વાર આવા આંસુ જોઈ છેતરાઈ જાય છે, બીજી વાર બધું જાણતો હોવા છતાં હાથે કરીને છેતરાય છે અને પછી એને આમ છેતરાયા કરવાની આદત થઈ જાય છે! અહીંયા પાછી પુરુષોને આવું રડવાની આઝાદી નથી. પુરુષ રડે તો એની મર્દાનગી લાજે...એવું કહેવાવાળા એક શોધે દસ મળી આવશે.

ઘણા કહે છે દીકરી વ્હાલનો દરિયો. બરાબર છે તમે તમારી દીકરીને વ્હાલનો દરિયો કહો એમાં કોઈને શું વાંધો હોય પણ ઓયે ભાઈ દીકરી વ્હાલનો દરિયો તો દીકરો શું દુ:ખનો દરિયો? પહેલેથી જ દીકરાની આગળ એવું કહેવામાં આવે છે કે છેલ્લે માબાપની સેવા તો દીકરી જ કરે. દીકરા તો વહુ આવતા જ પારકા થઈ જાય છે. અહીંયા લોકો એક વાત કેમ ભૂલી જાય છે કે તમારા ઘરમાં આવનારી વહુ પણ કોઈકની દીકરી જ છે ને. એ જો એના પોતાના માબાપની સેવા કરી શકતી હોય તો સાસુસસરાની કેમ નહીં?



નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

એક બાજુ એમ કહેવાય છે કે સ્ત્રીના નસીબમાં પતિ અને પિતાનું ઘર છે પણ એનું પોતાનું એકેય ઘર નથી. પહેલાં એવું થતુ કે સ્ત્રીને એનો પતિ ઘરની બહાર કાઢી મૂકે અને ત્યારે જો એ સ્ત્રીના પિયરીયા મદદ ના કરે તો એ સ્ત્રી રસ્તા પર આવી જતી. આ જ વાતને આપણે ગંભીરતાથી લઈને કાયદામાં અમુક સુધારા કરાવ્યા હતા. હવે થયું એવું જે કાયદો બન્યો તો ન્યાય માટે એ અમુક લોકોનો ફાયદો બની ગયો.

આજે છોકરી એના પિતાની મિલકતમાં બરાબરની ભાગીદાર છે. મતલબ કે એને લાયક સરસ ઘર અને વર શોધીને એને પરણાવવામાં આવે ત્યારે એની ભાગીદારી પિતાના અને પતિના એમ બંને ઘરમાં થઈ જાય છે. હવે ધારો કે એના સાસરીયા ખૂબ સુખી છે અને પિયરમાં ભાઈની પરિસ્થિતિ માપની છે. આવા વખતે બહેન આવીને એમ કહે કે ભાઈ તું જે ઘરમાં રહે છે કે મમ્મીનાં જે ઘરેણાં તારી પાસે છે એમાં મારોય ભાગ છે એ ના ભૂલતો ત્યારે? આવી બહેન માટે પછી ભાઈના મનમાં સ્નેહ કેટલો સમય ટકી શકવાનો? પિતાની મિલકતમાં ભાગ માંગતી દીકરી પિતાનું દેવું ચુકવવા કે માબાપની દેખરેખ રાખવા આગળ નથી આવતી એ કેવું!

અમુક કિસ્સામાં તો લગ્ન બાદ તરત છૂટાછેડાની અરજી કરાય ત્યાં પણ પતિ પાસેથી સારું એવું ભરણ પોષણ અને એની તમામ મિલકતમાં ભાગ માંગવામાં આવે છે. આવા સમયે એમ થાય કે અલી બહેન તું પરણીને સાસરે આવી ત્યારની એક દિવસ સરખી રીતે રહી નથી. પેલો તારો પતિ વરસોથી રાતદિવસ જોયા વગર મહેનત કરે છે ત્યારે આ સુખ સાહ્યબી ભેગી કરી છે એમાંથી તને શેનો અડધો ભાગ આપી દે. તું તે તારું ઘર વસાવવા પરણી હતી કે તારા પિયરીયાનું ઘર ભરવા! અહીંયા જેને ખરેખર મદદની જરૂર છે એવી સ્ત્રીઓની વાત નથી પણ જે કાયદાનો ઉપયોગ બીજાને હેરાન કરવા કરે છે એમની તરફ આંગળી ચીંધી.

એક કેસમાં તો પતિ મૃત્યું પામ્યો ને જેવી મિલકત એની પત્નીના હાથમાં આવી ગઈ એણે ઘરડા સાસુસસરાને ત્રાસ આપવાનું ચાલુ કરી દીધેલું. એમના પોતાના જ ઘરમાં એ બે વૃદ્ધ માણસોને ઓશિયાળી જિંદગી જીવવાનો વારો આવેલો ત્યારે એમને અફસોસ થતો હતો કે એમણે એમની તમામ મિલકત એકના એક દીકરાને નામે કરી દીધી હતી. દીકરો તો દેવ જેવો હતો જે ચાલ્યો ગયો પણ હવે ખ્યાલ આવ્યો કે એની વહુ માણસ કહેવાને પણ લાયક નથી.

ધારો કે પત્નીની આવક પતિ કરતા સારી છે અને પતિને માથે માબાપ, નાના ભાઈ બહેનની જવાબદારી છે. આવા કિસ્સામાં પત્ની એનો આખો પગાર સાસુસસરા અને પતિના ભાઈ બહેનને માટે ખર્ચ કરશે કે અમુક હિસ્સો આપીને એનું બેંક બેલેન્સ વધારે રાખશે? ઘણી ઓછી એવી સ્ત્રીઓ હોય છે કે જે આખા પરિવારની જવાબદારી સંભાળી લે. મોટા ભાગે તો સ્ત્રીઓ આવા કેસમાં પતિને અલગ થઈ જવા માટે સતત માનસિક દબાણ કર્યા કરતી હોય. કેટલા બધા પુરુષો એવા હશે જે દિલથી તો ઈચ્છતા હોય કે એમના ભાઈઓ સાથે, એમના માબાપ સાથે હળીમળીને રહે. ભલે છત અલગ હોય પણ મન જુદા ના હોય અને તોય એમના સગા ભાઈ સાથે બોલવાના પણ વ્યવહાર ના હોય.

સ્ત્રીના સ્વભાવમાં પ્રેમ, દયા, મમતા, કરુણા બધે બધું ભરેલું પડ્યું છે એની ના નથી પણ એ બધી લાગણીઓ દરેક વ્યક્તિને સમભાગે નસીબ નથી થતી એની જ મોકાણ છે. મને એવું લાગે છે કે ઈર્ષા, ગુસ્સો અને આળસ આ ત્રણ ગુણ દરેક સ્ત્રીમાં વત્તાઓછા પ્રમાણમાં હોય જ છે અને જેમ એની માત્રા બદલાય એમ સ્ત્રીનો સ્વભાવ પણ બદલાઈ જાય છે...

**અમસ્તું,**

મોડું થયું પણ સ્વિકારી લેજો, આંતરરાષ્ટ્રીય પુરુષ દિવસની શુભેચ્છા!

@Niyati Kapadia

# આખા ઘરને નીલાંગને પરણાવવાનો ઉત્સાહ ચઢ્યો હતો

''બે કલાકમાં આ સાતમો ફોન છે. એક જણને આ કોલ્સ રિસીવ કરવા રાખો, ભાઈસાબ!'' ભાભી કંટાળેલા સ્વરે બોલ્યાં. જો કે એ કંટાળામાં પણ છૂપો હરખ હતો- દિયરને પરણાવવાનો! ભલે એમણે બીજાને ફોન સોંપવાનું કહ્યું પણ જ્યારે રિંગ વાગે એટલે દોડીને એ જ ફોન ઉઠાવતાં.

એમને એકલાને નહીં, આખા ઘરને નીલાંગને પરણાવવાનો ઉત્સાહ ચઢ્યો હતો. એટલે જ નીલાંગના આવવાના વીસેક દિવસ પહેલાં જ મોટાભાઈએ અખબારમાં જાહેરાત આપી દીધી હતી: ''જોઈએ છે- અમેરિકા સ્થિત, અત્યંત દેખાવડા, એમ.બી.એ. ભણેલા, વેલ-સેટલ્ડ યુવાનને અમેરિકા સ્થાયી થવા ઈચ્છતી સુંદર અને શિક્ષિત યુવતી. જ્ઞાતિબાધ નથી. જાહેરાતનો હેતુ ફક્ત યોગ્ય પસંદગી માટે.'' એ ફક્ત જાહેરાત નહોતી, કોઈ પણ યુવતીનાં શમણાંઓની વ્યાખ્યા હતી. અને એ શમણાંઓનો રાજકુમાર વીસ દિવસ પછી ઘોડા ઉપર નહીં પણ 'બ્રિટિશ એરવેય્ઝ' ના એક્ઝિક્યુટિવ ક્લાસની સીટ પર બેસીને આવી રહ્યો હતો.

નીલાંગ માટે આવેલા દરેક ફોન-કોલ્સની વિગતો મોટાભાઈ અને ભાભી લખીને રાખતાં હતાં. એમાંથી પછી ગળણીમાંથી ગાળીને જોવાલાયક કન્યાઓની અંતિમ યાદી એમણે તૈયાર કરી રાખી હતી. બા-બાપુજીએ એ બધી ચર્ચાઓમાંથી ''આજના જમાનાની પસંદનો તમને અમારા કરતાં વધારે ખ્યાલ આવે'' કહીને સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. જો કે નાનકાને પરણાવવાના હરખમાં એ સરખે હિસ્સે ભાગીદાર હતાં.

નીલાંગ ત્રણ અઠવાડિયાં માટે જ ભારત આવી રહ્યો હતો એટલે એ આવે એટલે ભાઈ-ભાભીએ સિલેક્ટ કરેલ કન્યાઓને એ મળી લે અને એક કન્યારત્નને પસંદ કરી લે એટલે ચટ મંગની, પટ બ્યાહના ધોરણે એનાં લગ્ન કરાવી નાખવાનાં હતાં. ''ઓહ! કેટલી બધી તૈયારીઓ બાકી છે હજી! કેટરર્સને આપવાનું લિસ્ટ ફાઇનલ નથી કર્યું. 'મૂનફેસ' બ્યુટી-પાર્લરવાળીને કેટલા જણાનો ઓર્ડર આપવાનો છે એ તો હજી વિચાર્યું જ નથી. પાછો નીલાંગભાઈનો સૂટ સિવડાવવા આપ્યો છે એ લેવા જવાનું ભૂલાઈ ન જાય તો સારું.'' ભાભી એમની નાની બહેનને ફોન પર કહી રહ્યાં હતાં.

''હવે તું એ બધી ચિંતા છોડ અને જલ્દી તૈયાર થઈ જા. નીલાંગને લેવા એરપોર્ટ નથી જવાનું?'' મોટાભાઈ તૈયાર થતાં-થતાં બોલ્યા. ''હા, હા, હું તો ભૂલી જ ગઈ! ઘરની મોટી વહુ છું એટલે બધી જવાબદારી મારા પર જ છે. હવે તો ઢીંગલી જેવી દેરાણી આવી જાય એટલે હું ચિંતાથી મુક્ત!'' ભાભી હરખાઈ રહ્યા. મોટાભાઈ મલકી રહ્યા.

એરપોર્ટમાં 'અરાઈવલ' આગળ આતુર નજરે તાકી રહેલાં ભાઈ-ભાભીની નજરો ત્યારે હસી રહી જ્યારે ટ્રોલીમાં સામાન સાથે સૂટ-બૂટમાં સજ્જ નીલાંગ બહાર આવતો દેખાયો. પગે લાગી રહેલા નીલાંગને મોટાભાઈએ ગળે લગાડી લીધો. ''હાય હેન્ડસમ, તમારા માટે એક સરપ્રાઈઝ તૈયાર છે.'' ભાભી-દિયરના મસ્તીભર્યા સંબંધો ભાભીના શબ્દોમાં છલકાઈ ગયા. ''અરે, પણ હજી એને ઘરે તો પહોંચવા દે'', મોટાભાઈ હસી પડ્યા.

ઘરે બધાંને મળી લીધા પછી ભાભી નીલાંગના કાનમાં ટહુક્યાં, ''નીલાંગભ'ઈ, જલ્દી ફ્રેશ થઈ જાઓ. તમારા માટે સૌંદર્યના બગીચાનાં એકથી એક ઉત્તમ ફૂલો ચૂંટીને રાખ્યાં છે. તમે મહોર મારો એટલી વાર. ગાડી, વાડી બધું તૈયાર છે. લાડીનું નામ આપો એટલે કરીએ કંકુનાં.''

નીલાંગ આભો બની ગયો, ''આ બધુંપ ક્યારે?.... મને પૂછવું તો હતું.'' મોટાભાઈ હસ્યા, ''તને પૂછવા રહીએ એટલે તું પાછો હા-ના કરે. સત્તર જાતનાં બહાનાં કાઢે. હું શહીદ થયો તો તું કેમ નહીં!'' નીલાંગના મોંઢા ઉપર ગંભીરતા હતી, ''જાહેરાત આપતાં પહેલાં મને એક વાર જાણ તો કરવી હતી! મારી જિંદગીનો સૌથી મોટો નિર્ણય સાવ આમ તો ન જ લેવાય ને!''

વાતાવરણ ગંભીર બની ગયું. થોડી વાર કોઈ કશું ન બોલ્યું. પછી ધીમેકથી ભાભી અંદરના રૂમમાંથી ફોટા લઈ આવ્યાં. ''જુઓ નીલાંગભ'ઈ, આ હિમાની છે ને તે આપણા શહેરના જાણીતા બિઝનેસમેનની દિકરી છે. ને આ રૂત્વાએ બહુ પ્રતિષ્ઠિત કોલેજમાંથી બી.બી.એ. કરેલું છે. તમારી જ લાઈનની છે ને પાછી દેખાવડી પણ બહુ છે....'' ''બસ, બસ, ભાભી...તમારી હોંશ હું સમજું છું. પણ હું કોઈકને મળવા માગું છું. એને મળ્યા વગર હું કોઈ નિર્ણય નહીં લઈ શકું.''

નીલાંગના ચહેરા ઉપર મક્કમતા હતી. થોડી વાર પછી મોટાભાઈનો સણ્ણાઈભર્યો અવાજ આવ્યો, ''બોલ, કોને મળવા જવું છે તારે?''



સ-રસ

મમતા બુચ

બે કલાક પછી મોટાભાઈની કાર શહેરથી દૂર ગામડાંના ધૂળિયા રસ્તે દોડી રહી હતી. ભાભી ચૂપચાપ બેઠાં હતાં. નીલાંગ આંખો મીંચીને કશુંક યાદ કરી રહ્યો હતો. મોટાભાઈએ જ ચૂપકીદી તોડી, ''નીલાંગ, આ તું કઈ બાજુ જવાનું કહે છે? આ તો આપણે નાનાં હતાં અને જ્યાં રહેતાં હતાં એ ગામડું આવી રહ્યું છે.''

''હા, મોટાભાઈ'', નીલાંગની આંખોમાં ચમક આવી, ''યાદ છે, આપણે આ સ્કૂલમાં ભણેલાં?'' એક સાવ જર્જરિત મકાન આગળ આવીને કાર એક આંચકા સાથે ઊભી રહી ગઈ.

નીલાંગ કૂદીને કારની બહાર આવી ગયો. ''અહીં શંભુપ્રસાદ માસ્તર ભણાવતા. એમનું ઘર કઈ તરફ છે?'' નિશાળની આગળ રમી રહેલાં મેલાં-ઘેલાં બાળકોએ દૂર એક ઘર તરફ આંગળી ચીંધી.

નાનકડા, ખડકીબંધ મકાનનું બારણું નીલાંગે ખખડાવ્યું. ભાઈ-ભાભી પાછળ ખેંચાયાં. એક નમણી યુવતીએ બારણું ખોલ્યું. ખોલતાં જ એના મોઢામાંથી સરી પડ્યું, ''નીલાંગ, તું?..... તમે?'' નીલાંગના ચહેરા ઉપર આશ્ચર્ય હતું, ''તમે મને ઓળખો છો?'' યુવતીના ચહેરા ઉપર પરિચિતતા હતી, ''તમે બાપુજીના હાથ નીચે ભણેલા છો ને? મારું નામ સૃષ્ટિ. આવો ને બધાં ઘરમાં.''

બધાં ગોઠવાયા પછી નીલાંગે વાત શરૂ કરી, ''આજે હું જે કંઈ છું એ આપના પિતાજીના કારણે છું. એમણે મને અઘરો ગણાતો ગણિતનો વિષય એટલો સરળતાથી અને સચોટતાથી ભણાવ્યો હતો કે તે પછી હું સફળતાની સીડીઓ સડસડાટ ચડતો ગયો. આજથી મારી જિંદગીમાં એક મહત્ત્વનો વળાંક આવી રહ્યો છે. એની શરૂઆત હું સાહેબના આશીર્વાદ સાથે કરવા માગું છું.''

સૃષ્ટિના અવાજમાં ગ્લાનિ હતી, ''બાપુજીને ગયે તો ત્રણ વર્ષ વીતી ગયાં. તમને ઘણી વાર યાદ કરતા. તમે ભણ્યા એ સ્કૂલનું મકાન તો હવે સાવ પડું-પડું થઈ રહ્યું છે એનું પણ એમને દુ:ખ ''બાપુજીને ગયે તો ત્રણ વર્ષ વીતી ગયાં. તમને ઘણી વાર યાદ કરતા. તમે ભણ્યા એ સ્કૂલનું મકાન તો હવે સાવ પડું-પડું થઈ રહ્યું છે એનું પણ એમને દુ:ખ હતું.'' નીલાંગે ભાઈ-ભાભીની રજા લઈને અંદરના ઓરડામાં જઈને ચહેરા ઉપર સ્મિત સાથે સૃષ્ટિને પૂછ્યું, ''બાપુજી તો મને યાદ કરતા. તમે?'' સૃષ્ટિના ચહેરા ઉપર લજ્જા પથરાઈ ગઈ, ''તું મને ''સૃષ્ટિ''ની જગ્યાએ ''સુસ્તી'' કહીને ચીડવતો ને ત્યારથી.''

બહાર બેઠેલાં ભાભીના સ્વરમાં કચવાટ હતો, ''કેટ-કેટલી પૈસાદાર છોકરીઓનાં માંગાં આવ્યાં છે ને નીલાંગભ'ઈ...'' બહાર આવી રહેલા નીલાંગના ચહેરા ઉપર સંતોષ હતો, ''સાહેબે શીખવાડ્યું હતું કે ગણિત ભણતરમાં રાખજે, જીવતરમાં નહીં!'' એક વર્ષ પછી એ ધૂળિયા ગામની સ્કૂલના નવા-નક્કોર બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન થયું ત્યારે એની ઓફિસમાં શંભુપ્રસાદ માસ્તરના ફોટાને એકસામટા બે હાર ચઢી રહ્યા હતા- એક ફૂલનો અને બીજો અમેરિકાથી ખાસ આવેલાં મિ. નીલાંગ દેસાઈ અને મિસીસ સૃષ્ટિ નીલાંગ દેસાઈનાં ઋણસભર અશ્રુઓનો.

# 'સમજણ' એટલે બે વ્યક્તિઓ વચ્ચેનું સૌથી ટૂંકું અંતર...!!!

**માં! तुमने एक हीबार वेदनामें मुजे जना था**
**पर मैं बार बार अपने को जनता हूं**
**और मरता हूं, पुनः जनता हूं और पुनः मरता हूं**
**और फिर जनता हूं क्योकी अब तो**
**वेदना की बात में मैं अपनी मां हूं**

**- અજ્ઞેય ('નદી કે દ્વીપ')**

એક ગામના જાહેર નોટિસ બોર્ડ પર એક પ્રશ્નલખ્યો હતો:

"વિચારો; તમારી દ્રષ્ટિએ જીવનનો ઉદ્દેશ શો?" દોસ્તો, આ સવાલ માત્ર નોટિસ બોર્ડ પૂરતો સીમિત નથી, આખી દુનિયાની માનવજાત સામે આ પ્રશ્ન પડઘાય છે: વિચારો: જીવનનો ઉદ્દેશ શો? બસ ર્દૃૈંર્,ંૈહિ ટ્ઠહઙ્ઘ દ્બી દ્બટ્ઠિિઅ- ખાઓ, પીઓ અને મજા કરો એ જ... વ્યક્તિએ વ્યક્તિએ જીવનની ફિલસૂફી નોંખી-ન્યારી જોવા મળશે...સાધુ,ફકીર કહેશે ત્યાગ... સંતને મન ચારિત્ર્ય તો સંસારીને મન સુખ-શાંતિ અને સમૃદ્ધિ... તપસ્વીને મન જિંદગી એટલે સંયમ અને તપ... સત્તાધીશોને અધિકારને સત્તા પ્રાપ્તિમાં જીવન સાર્થક્ય દેખાતું હશે... રાષ્ટ્રપ્રેમીને મન રાષ્ટ્રભક્તિ... પ્રેમાસક્તનો જીવન ઉદ્દેશ રાગ-સ્નેહ હશે...

મિત્રો, જીવન તો બહુરૂપિયું છે... આપણે તો આપણા ગજા પ્રમાણે જ વેતરીયે છીએ... આપણી જોવાની-વિચારવાની ક્ષમતા મુજબ સ્વાનુભવે જીવનની પરિભાષા ગાયા કરવાના... જીવન તો વૈવિધ્યપૂર્ણ ને વિશાળ છે... એના કોઈ એક અંશ કે ખંડ પકડીને મૂલવી ન શકાય... જીવન તો એક કર્મ છે... એને તો નિષ્ઠા ખપે... સ્વામી વિવેકાનંદજીએ તો લખ્યું છે કે, "જીવનનું પહેલું અને સ્પષ્ટ લક્ષણ છે વિસ્તાર. જો તમે જીવિત રહેવા ઈચ્છતા હો તો તમારે ફેલાઈ જવું પડશે. જે દિવસે તમે જીવનનો વિસ્તાર બંધ કરી દેશો, તે ક્ષણે જાણી લેજો કે મૃત્યુએ તમને ઘેરી લીધા છે આફતો તમારી સામે છે."

સ્વામીજીના શબ્દો જ સ્પષ્ટ સૂચવે છે કે વહેવું અને વિકસવું એ જીવનનો પરમ ઉદ્દેશ છે... દાદાજી ઘણીવાર કહેતા કે,"તમારી બુદ્ધિ સ્વીકારે એ જ કરો."આપણા વ્યવહાર દક્ષ વડીલો પણ વાત વાતમાં સલાહ આપતા કે "સૂનના સબકી પર કરીએ મન કી."કોઈ સંત-ગુરુ-ઉપદેશક ના અંધભક્ત ન બનાય... જીવન બંધિયાર બની જાય...તથ્ય-સત્ય તારવતાં ને પારખતાં આવડે તો જ પરિપકવ ખરા... પાકટ-પ્રૌઢ ગણાઈએ... ઘણીવાર સાચા રસ્તાની શોધમાં આડમાર્ગે ફંટાઈ જઈએ તો પાછા વળવામાં અઘરું થઈ પડે...

મને ઘણીવાર વિચાર આવે કે આપણે જાત સાથે સંવાદ કરીએ છીએ ખરા?! આત્મદર્શન જ જીવનનો ઉદ્દેશ છે... જીવન તો પ્રસન્નતાનો પર્યાય બનવો જોઈએ પણ ખરા અર્થમાં આપણે પ્રસન્ન રહીએ છીએ ખરા?! મહામનિષીઓ તો કહે છે, "સર્વ સંજોગોમાં સ્વસ્થ અને સ્વચ્છ રહેવું એનું નામ સાચી પ્રસન્નતા." આપણે તો મદ,મોહ,લોભ અને કપટી કામનાની કઠપૂતળીઓ બની નાચ્યા કરીએ છીએ...આપણે તો માણસ તરીકેની ઓળખ પણ ગુમાવી દીધી છે... શિવમાંથી જુદા પડેલા જીવે તો પુન શિવમાં વિલન થવાનું છે... એટલે જ કહેવાયું છે જીવન પરમાત્મા સુધીની તીર્થયાત્રા છે... જીવનને સુંદર બનાવવાનું છે... રોજ પ્રાત:કાળે પ્રભુને અર્પણ કરાતા પુષ્પ જેવું!!!



લાગણીનો મેળો

રસિક વાળંદ

લેખના મથાળે મૂકેલી અજ્ઞેયજીની પંક્તિઓ એ જ કહે છે કે, જનેતાએ તો આપણને જણ્યા... હવે તમને જ જણવાના છે... રોજ રોજ તમારે મરીને સવારે ફરી તમને જણવાના છે... પ્રત્યેક પ્રભાતે નવ જન્મ થાય તો ખરો... કોઈકે સાચે જ લખ્યું છે કે, "જીવન એટલે અનુભવોથી વિંધાઈને વાંસમાંથી વાંસળી બનાવવાની કલા." સતત જાતને સુધારતા રહી માંહ્યલાને માંજતા રહી માનવ્યનો વિકાસ કરીએ... જીવનમૂલ્યોને ચારિત્ર્યને ઉદાત્ત બનાવીએ... જીવન સૌંદર્ય અને કર્તવ્યનો સંગમ બને એ જ જીવતરની ખુશ્બો...

અંતમાં, માર્કંડેય પુરાણનો શબ્દમંત્ર આપણી પ્રાર્થના બની રહો એ જ...

"નંદંતુ સર્વભૂતાનિ સ્નિહ્યંતુ વિ જનેશ્વષિ
મા વ્યાધિ રમસ્તુ ભૂતાનામાધ્યો ન ભવંતુય..." અર્થાત્ "હે ઈશ્વર અમે ઈચ્છીએ છીએ કે જગતમાં સર્વ જીવ પ્રસન્ન રહે. પરસ્પર સ્નેહ રાખે. નિર્ભય બને. કોઈને માનસિક વ્યથા કોઈ ન પહોંચાડે..."

**સ્પર્શમણિ :**

"સમજણ" એટલે બે વ્યક્તિઓ વચ્ચેનું સૌથી ટૂંકું અંતર...!!!
એક નાનકડો દીવો, અંધારાનું અભિમાન ઓગાળી નાખે છે...!

rasikvaland1965@gmail.com
- ૯૯૧૩૪ ૨૯૯૪૯